# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10/01/2026** **Morning : 7.10 to 7.20**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. **સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત આજથી પ્રધાનમંત્રી ગુજરાતની મુલાકાતે.**
2. **શામળાજી ખાતે યોજાયેલા શામળાજી મહોત્સવનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સમાપન થયું. જિલ્લાને વિકાસ કાર્યોની ભેટ**
3. **ઉત્તરાયણના પર્વ દરમિયાન પક્ષીઓને બચાવવા રાજ્યમાં આજથી 20 જાન્યુઆરી સુધી કરૂણા અભિયાનનો આરંભ.**
4. **ઉર્જા મંત્રીની કિ સાન સંઘના પદાધિકારીઓ સાથે બેઠક બાદ તમામ મુદ્દાઓની ચર્ચા માટે સંકલન સમિતિની રચના.**
5. **ભારતીય ઓલિમ્પિક સંઘની અમદાવાદમાં મળેલી વાર્ષિક સામાન્ય સભામાં નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશનની વાર્ષિક ગ્રાન્ટ વધારીને 20 લાખ કરાઇ.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM GUJ VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના ઐતિહાસિક ત્રણ દિવસના પ્રવાસે આવશે. પ્રધાનમંત્રી એક હજાર 26માં મંદિર પર થયેલા પ્રથમ આક્રમણના બરાબર એક હજાર વર્ષ પૂરા થવાના પ્રસંગે 'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં ભાગ લેશે.

પ્રધાનમંત્રી આજે સાંજે 'ઓમકાર મંત્ર' જાપમાં ભાગ લેવા અને મંદિરમાં ડ્રોન શો જોવા માટે સોમનાથ પહોંચશે. આવતીકાલે સવારે , તેઓ 'શૌર્ય યાત્રા 'માં જોડાશે, જે મંદિરનું રક્ષણ કરનારાઓનું સન્માન કરતી ઔપચારિક શોભાયાત્રા છે.

પ્રસ્તુત છે એક અહેવાલ

## વોઇસ કાસ્ટ અપર્ણા ખૂંટ

---

# SOMNATH RAVADI

જૂનાગઢના મહાશિવરાત્રીના મેળાની તર્જ ઉપર ગઇકાલે સાધુ સંતો અને દિગંબર સાધુઓની સોમનાથના શંખ ચોકથી સોમનાથ મંદિર સુધી રવેડી નીકળી હતી. સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત આ સાધુ-સંતોની ભવ્ય રવાડી દરમિયાન સોમનાથની પવિત્ર ભૂમિ પર ભક્તિ, પરંપરા અને શૌર્યનો અનોખો સંગમ પણ જોવા મળ્યો હતો.

ભારતીય સંસ્કૃતિની પાવન પરંપરાને ઉજાગર કરતી આ રવાડીમાં રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણી, સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રી ડો. પ્રદ્યુમન વાજા

**અને ઉર્જા રાજ્ય મંત્રી કૌશિક વેકરીયા, સાંસદ રાજેશ ચુડાસમા, ધારાસભ્યો સહિતના પદાધિકારીઓ આસ્થાભેર સહભાગી બન્યા હતા.**

**ઉપરાંત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા અને સમગ્ર વાતાવરણ ધાર્મિક ઉલ્લાસથી છલકાયું હતું. આ રવાડીમાં દિગમ્બર સાધુઓ દ્વારા રજૂ કરાયેલા વિવિધ કરતબોએ લોકોમાં વિશેષ કૌતુક અને આશ્ચર્ય જગાવ્યું હતું. સાધુઓએ પોતાની અદભૂત શારીરિક ક્ષમતાઓ અને સાધનાનો પરિચય આપતાં પરંપરાગત રીતે કરતબો રજૂ કર્યા હતા.**

---

## ARVALLI SHAMLAJI MAHOTSAV

**શામળાજી ખાતે યોજવામાં આવેલા શામળાજી મહોત્સવનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સમાપન થયું. બે દિવસથી આ મહોત્સવ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાપન કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ખાસ ઉપસ્થિત થયા હતા. અને તેમણે અરવલ્લી જિલ્લાને રૂ.168 કરોડના બહુવિધ વિકાસ કામોની ભેટ આપી હતી.**

## બાઈટ : ભૂપેન્દ્ર પટેલ, CM

---

## KARUNA ABHIYAN

**ઉત્તરાયણ પર્વમાં ઘાયલ થયેલા પક્ષીઓની સારવાર માટે રાજ્યભરમાં આજથી 20 જાન્યુઆરી દરમિયાન યોજાશે ‘કરૂણા અભિયાનનો આરંભ થયો હોવાનું વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું.**

રાજ્યભરમાં કુલ **450** જેટલા કલેક્શન સેન્ટર, **85** જેટલા કંટ્રોલરૂમ તથા **480**થી વધુ સારવાર કેન્દ્રો અબોલ પક્ષીઓના સારવાર-બચાવ કાર્ય માટે કાર્યરત કરાયા છે. સવારે અને સાંજે પક્ષીઓ ખોરાક માટે વિચરતા હોય છે જેથી શક્ય હોય તો આ સમયે પતંગ ન ચગાવવા મંત્રીએ પતંગબાજોને અપીલ કરી છે.

**બાઇટ- અર્જૂન મોઢવાડિયા , વન અને પર્યાવરણ મંત્રી**

---

## GNR TYPHOID CASE

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સેકટર-24,26, 29 અને આદિવાડા વિસ્તારમાં શંકાસ્પદ ટાઇફોઇડના કેસ મળતા સેકટર-24 તથા સેકટર-29ના અર્બન હેલ્થ સેન્ટરની ટીમો દ્વારા સર્વેલન્સની કામગીરી શરૂ કરવામાં આવેલી છે.

સર્વેલન્સની કુલ 85 ટીમ દ્વારા સર્વેની કામગીરી કરવામાં આવી રહેલ છે. આ સર્વે દરમિયાન કુલ 15 નવા કેસ મળેલ છે તેમજ 20 દર્દીઓને રજા આપવામાં આવેલ છે. 75 દર્દીઓ હાલમાં સારવાર હેઠળ છે.

સર્વેલન્સની 85 ટીમો દ્વારા કુલ સાત હજાર 305થી વધુ ઘરોમાં તથા 30 હજાર 192ની વસ્તીમાં કામગીરી કરવામાં આવેલ છે. જેમાં ત્રણ હજાર 845 કલોરીનની ટેબલેટ, બે હજાર 846 ઓઆરએસના પેકેટ તથા ત્રણ હજાર પત્રિકાઓની વહેંચણી કરવામાં આવેલ છે.

---

# INDIA DAY CELEBRATION -SPIPA

રાજ્ય સરકારની તાલીમ સંસ્થા સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા) એ આજથી 7 દિવસ માટે સ્પેશિયલ ફાઉન્ડેશન કોર્સનું આયોજન કરેલ છે. જે અનુસંધાને ગઇકાલે રાજ્યના મહાનિર્દેશક હારીત શુક્લાની ઉપસ્થિતિમાં ઇન્ડિયા ડેની ઉજવણી કરાઇ.

કાર્યક્રમ અંતર્ગત ક્ષેત્રવાર પ્રદર્શન અને નૃત્ય , તબલા વાદન, કાવ્ય પઠન જેવી વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન થયું જેમાં અધિકારી-તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઇ ભારતની વૈવિધ્ય સભર સાંસ્કૃતિક પરંપરાનું પ્રદર્શન કર્યું.

---

# KISHAN MEETING RUSKHIKESH PATEL

ભારતીય કિસાન સંઘ, જે ખેડૂતોનું એક સેવાભાવી સંગઠન છે, તેના દ્વારા રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવામાં આવેલા વિવિધ મુદ્દાઓ અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સરકાર અને કિસાન સંઘના પ્રતિનિધિઓ વચ્ચે શ્રેણીબદ્ધ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હોવાનું ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

## બાઇટ- ઋષિકેશ પટેલ, ઉર્જા મંત્રી

---

# SOMNATH PARKING

સોમનાથ સ્વાભિમાન પર્વ'માં વડાપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સભામાં સહભાગી થતાં નાગરિકો માટે અત્યાધુનિક ટેક્નોલોજીથી થશે પાર્કિંગ નિયમન કરાશે. ત્રણ પાર્કિંગ સ્થળોએ બે હજાર જેટલી બસ અને 700થી વધુ કાર પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવશે.

ડિજિટલ આમંત્રણ પત્રિકાની જેમ જ ક્યૂ.આર સ્કેનર મારફતે અન્ય જિલ્લાના નાગરિકો પહેલાથી જ જાણી પાર્કિંગ સ્થળ શકશે. પાર્કિંગ સ્થળોએ પીવાના પાણીની સુવિધા, આરોગ્ય કેમ્પ સહિતની સવલતો ઉપલબ્ધ થશે.

---

# BOTAD PASHUPALAN SHIBIR

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના આવેલ ટાટમ ગામ ખાતેની ગૌશાળામાં જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર યોજાઇ હતી. આ શિબિરમાં રોકડ સહાય વિતરણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અંદાજે **300**થી **350** પશુ પાલકો હાજર રહ્યા હતા.

પશુ પાલકો ને તજજ્ઞ દ્વારા પશુ પોષણ, સ્વચ્છ દૂધ ઉત્પાદન ,પશુ સંવર્ધન સહિત અલગ પ્રકાર ની માહિતી ઓ આપવામાં આવી હોવાનું બોટાદના પશુપાલન નિયામક ડોક્ટર હરેશ ભોરણિયાએ આપી હતી.

**બાઈટ. ડોક્ટર હરેશ ભોરણીયા, નિયામક પશુપાલક,બોટાદ**

---

# IOA AGM

અમદાવાદ ખાતે ભારતીય ઓલિમ્પિક એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા મળી હતી. જેમાં આગામી કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક-**2036** સહિતના વિવિધ મુદાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

આ બે મહા રમતોત્સવને લઈને વાર્ષિક સામાન્ય સભામાં રાષ્ટ્રીય રમતગમત ફેડરેશન ને અપાતી વાર્ષિક ગ્રાન્ટ રૂ. **10** લાખથી વધારીને રૂ. **20** લાખ કરવાનો નિર્ણય પણ લેવાયો હતો. એટલું જ નહીં કોમનવેલ્થ ગેમ્સમાં ભારત ઉજ્જવળ દેખાવ કરશે તેવી આશા આઇઓએના પ્રેસિડેન્ટ પી. ટી. ઉષાએ વ્યક્ત કરી છે.

ભારત સરકાર દ્વારા આગામી કોમનવેલ્થ ગેમ્સ-**2030**નું ગુજરાતની યજમાનીમાં આયોજન કરવાની તક મળી છે. આ ઉપરાંત વર્ષ **2036**માં યોજાનારી ઓલિમ્પિક ગેમ્સના બિડની પણ તૈયારીઓ થઈ રહી છે, ઓલિમ્પિકની યજમાની ગુજરાતમાં કરવાનું આયોજન છે.

ત્યારે ભારતીય ઓલિમ્પિક એસોસિએશન ( આઇઓએ)ની વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) ગુજરાતનાં અમદાવાદમાં મળી હતી.

---

# KHELO INDIA

દીવમાં ચાલી રહેલા બીચ સોકરની ગઇકાલે રમાયેલી ફાઇનલ મેચમાં ગુજરાતનો ઓડિશા સામે 2-1થી પરાજય થયો હતો. ઓડિશાનો વિજય થતાં તેને સુવર્ણ ચંદ્રક અને ગુજરાતને રજત ચંદ્રક મળ્યો હતો.

---

# SK ACS VISIT

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાજપુર ખાતે રેવન્યુ વિભાગના એડિશનલ ચીફ સેકેટરી જયંતિ રવિ એસ. અને મહેસૂલ તપાસણી કમિશ્નર રાજેશ માંજુ , સેટલમેન્ટ કમિશ્નર બિજલ શાહે ગ્રામ પંચાયત દફ્તર તપાસણી કરી હતી.

આ તપાસણીમાં મહેસૂલી ગામ નમૂના 1થી 18, ગૌચર જમીન , ગામના જમીનના નકશા, તલાટી મેન્યુઅલની તપાસ, મિલકતની નોંધ, આકારણી રજીસ્ટર, વસૂલાત સહિત ના રજીસ્ટરની ચકાસણી કરી હતી. તેમજ ગામના આગેવાનો સાથે ચર્ચા કરી હતી. આ સાથે ગામના ખેડૂત ખાતેદાર ની જમીનના ક્ષેત્રફળની તપાસ કરી હતી.

---